# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત. - ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ - suratdeo@gmail.com

web :- www.suratdeo.org


જા.નં/મકમ/૨૦૨૬/૨૭૦૯ તા.૨૪/૦૨/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિલ્લો-સુરત.

વિષય : SSC અને HSC બોર્ડ પરીક્ષા-માર્ચ 2026 અંગે માન. મહાનુભાવોના શુભેચ્છા સંદેશ વિદ્યાર્થીઓ સુધી ડિજિટલ માધ્યમથી પહોંચાડવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26ની SSC તથા HSC બોર્ડ પરીક્ષાઓ તા. 26/02/2026થી શરૂ થનાર છે. સુરત જિલ્લામાંથી આ વર્ષે કુલ 1,61,020 **વિદ્યાર્થીઓ** આ બોર્ડ પરીક્ષામાં પરીક્ષાર્થી તરીકે નોંધાયેલ છે.

આ પ્રસંગે રાજ્યના માન. મહાનુભાવશ્રીઓ દ્વારા પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને પ્રેરણા, પ્રોત્સાહન અને હિંમત પૂરી પાડતા શુભેચ્છા સંદેશાઓ પાઠવવામાં આવ્યા છે (માન. મુખ્યમંત્રીશ્રી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, માન. શિક્ષણ મંત્રીશ્રી, માન. આરોગ્ય મંત્રીશ્રી, માન. મેયરશ્રી સુરત મહાનગરપાલિકા, માન. સાંસદશ્રીઓ(3), માન. ઉપાધ્યક્ષશ્રી ગુજરાત વિધાનસભા, માન. ધારાસભ્યશ્રીઓ(12), માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી સુરત મહાનગર પાલિકા, માન. કલેકટરશ્રી, માન. પોલીસ કમિશનરશ્રી, માન. ડીડીઓશ્રી, માન. સુરત પોલીસ અધિક્ષકશ્રી ગ્રામ્ય, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સુરત, સુરત જિલ્લા શાળા સંચાલક વેલફેર મંડળ સુરત, સુરત શહેર આચાર્ય સંઘ, સુરત ગ્રામ્ય આચાર્ય સંઘ, સુરત શહેર/જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ સુરત અને સુરત શહેર માધ્યમિક સંઘ સુરતના આ સંદેશાઓ ડિજિટલ માધ્યમથી તમામ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે હેતુથી તમામ આચાર્યશ્રીઓને નીચે મુજબની કામગીરી કરવા સૂચના આપવામાં આવે છે:

1. શાળાના તમામ વિદ્યાર્થીઓના WhatsApp ગ્રુપમાં સંદેશ મૂકવો.
2. વાલી ગ્રુપમાં પણ સંદેશ શેર કરવો.
3. સંદેશને શાળાના ડિજિટલ નોટિસ બોર્ડ/સોશિયલ મીડિયા/વેબસાઈટ/એપ્લીકેશન પર પ્રસારિત કરવો.
4. તમામ વિદ્યાર્થીઓ સુધી સંદેશ પહોંચે તેની ખાતરી કરવી.

ઉપરોક્ત કામગીરીને અતિ પ્રાથમિકતા આપવી તથા પરીક્ષા પૂર્વે પૂર્ણ કરવાની રહેશે.

બીડાણ:

**માન. મહાનુભાવો તથા માન. અધિકારીશ્રીઓના શુભેચ્છા પત્રોની નકલ (29)**

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત.

ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

સત્યમેવ જયતે

તા. ૧૩/૦૨/૨૦૨૬

## સંદેશ

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

उद्यमेन हि सिद्ध्यन्ति कार्याणि न मनोरथैः।

'મહેનત'ના મહત્ત્વને સમજાવતી ઉપરની સંસ્કૃત પંક્તિ આપણે સૌ યાદ રાખીએ - જેનો અર્થ થાય છે કે, કોઇ પણ કાર્યો માત્ર ઇચ્છાથી નહીં, પરંતુ અથાક મહેનતથી થાય છે.

ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ પરીક્ષા ઉત્સવને જિંદગીનો ઉત્સવ બનાવે તે માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પરીક્ષા પે ચર્ચા' જેવા અભિયાનની શરૂઆત કરી છે. તેઓએ આ અભિયાન દ્વારા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરીને પરીક્ષા માટે પ્રોત્સાહિત કરવા જરૂરી સૂચનો આપ્યાં છે, જેવાં કે; પરીક્ષા એ જીવન નથી - તે જીવનનો એક ભાગ છે, નિષ્ફળતાથી ડર્યા વગર ભૂલોમાંથી શીખીને આગળ વધવું, રસથી અભ્યાસ કરો- દબાણથી નહીં, માતાપિતાએ બીજાં બાળકો સાથે પોતાના બાળકની સરખામણી ન કરવી તેમજ આત્મવિશ્વાસ અને ધીરજ જેવા ગુણો શીખવા.

આપ સૌએ આખા વર્ષ દરમિયાન ખૂબ જ સારી મહેનત કરી છે તેના દ્વારા જે આત્મવિશ્વાસ મળ્યો છે, તે જીત સમાન છે. આપની મહેનત પર હંમેશાં વિશ્વાસ રાખજો, આપે આખું વર્ષ જે પુરુષાર્થ કર્યો છે, તે ક્યારેય નિષ્ફળ જવાનો નથી, જે વાંચ્યું છે, જે સમજ્યા છો, તે પરીક્ષા ખંડમાં સમયસર યાદ આવશે જ - માત્ર મન શાંત રાખીને પરીક્ષા આપજો. બોર્ડની પરીક્ષાના વર્ષમાં આપના માતાપિતાએ પ્રેમથી આપની કાળજી લઈને આપને પરીક્ષામાં સારી સફળતા મળે એવા પ્રયત્નો કર્યા છે. પરીક્ષા દરમિયાન આપના સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખજો. પરીક્ષાનું પરિણામ એ આપની પ્રતિભાનું અંતિમ પ્રમાણપત્ર નથી. આપ આપના શ્રેષ્ઠ પ્રયત્નો અને લેખન પર ધ્યાન કેન્દ્રિત કરો, પરિણામને સમય અને આપની મહેનત પર છોડી દો.

વિદ્યાર્થી મિત્રો, આત્મવિશ્વાસ એ સફળતાની પહેલી સીડી છે, આપના સપનાઓમાં તેજ છે. ગુજરાતને આપના પર ગર્વ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ તા. ૨૬/૦૨/૨૦૨૬થી શરૂ થઈ રહી છે ત્યારે આપ સૌ પરીક્ષાર્થીઓ ઝળહળતો પ્રયાસ કરો તેવી શુભકામનાઓ પાઠવું છું. આત્મવિશ્વાસ અને પ્રફુલ્લિત મન સાથે આનંદથી પરીક્ષા આપો તેવી આપ સૌને હૃદયપૂર્વકની શુભેચ્છા.

ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત

મુખ્યમંત્રી કાર્યાલય (ISO 9001:2015 પ્રમાણિત)
૩જો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર- ૩૮૨ ૦૧૦. ગુજરાત
ફોન: +૯૧ - ૭૯ - ૨૩૨૫૦૦૭૩-૭૪, ફેક્સ: +૯૧ - ૭૯ - ૨૩૨૨૨૧૦૧ www.gujaratindia.com

**હર્ષ સંઘવી**
નાયબ મુખ્યમંત્રી
ગુજરાત રાજ્ય

सत्यमेव जयते

૨૪૬/૨૬

ગૃહ, પોલીસ હાઉસીંગ, જેલ, સરહદી સુરક્ષા, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી અને આબકારી, વાહનવ્યવહાર, કાયદો અને ન્યાયતંત્ર, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન
**ગુજરાત સરકાર**

તારીખ: ૧૮/૦૨/૨૦૨૬

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ આગામી તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી શરૂ થવા જઈ રહી છે. આ અવસર માત્ર એક શૈક્ષણિક પરીક્ષા નથી, પરંતુ ગુજરાતના ભવિષ્યને ઘડનાર આપણી યુવા શક્તિની પ્રતિબદ્ધતા અને સજ્જતાની કસોટી છે.

આજે જ્યારે ગુજરાત વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે, ત્યારે "વાઈબ્રન્ટ ગુજરાત" માત્ર એક સૂત્ર નથી, પરંતુ યુવાનોના પરિશ્રમથી સર્જાયેલી વાસ્તવિકતા છે. રાજ્યની અવિરત પ્રગતિના પાયામાં શિક્ષણ અને આપ સૌ યુવા શક્તિનો અમૂલ્ય ફાળો છે.

મારા પ્રિય વિદ્યાર્થી મિત્રો, તમે માત્ર પરીક્ષાર્થી નથી — તમે આવનારા શ્રેષ્ઠ અને સમૃદ્ધ ગુજરાતના નિર્માતા છો. તમારા હાથમાં રહેલી પેનથી તમે ઉત્તરવહીમાં તમારા અને રાષ્ટ્રના ભવિષ્યની દિશા લખવાના છો.

આ તબક્કે સ્વામી વિવેકાનંદનો પ્રેરક સંદેશ યાદ આવે છે: "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો."

આ શબ્દો આજે દરેક વિદ્યાર્થી માટે દીવાદાંડી સમાન છે. આપે વર્ષ દરમિયાન કરેલી મહેનત પર પૂર્ણ વિશ્વાસ રાખો. પરિણામની ચિંતા છોડીને, સંપૂર્ણ એકાગ્રતા અને હકારાત્મક અભિગમ સાથે પરીક્ષા આપો.

પરીક્ષા દરમિયાન આટલું ખાસ યાદ રાખજો:

- ❖ મનમાં નિર્ભયતા અને આત્મવિશ્વાસ રાખો.
- ❖ સમયનું આયોજનબદ્ધ સંચાલન કરો.
- ❖ ગભરાટને બાજુ પર મૂકી, શાંત ચિત્તે પ્રશ્નપત્ર લખો.
- ❖ શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સંતુલન જાળવો.

સાચી સફળતા એ તમારો પ્રામાણિક પ્રયત્ન, દૃઢ સંકલ્પ અને શિસ્તબદ્ધ જીવન છે.

( હર્ષ સંઘવી )

સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, સરદાર ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ | **ફોનઃ** (ઓ) ૦૭૯-૨૩૨૫૦૧૦૬/૦૭/૦૮/૦૯/૧૦
**ફેક્સઃ** ૦૭૯-૨૩૨૫૫૬૯૦ | **વેબસાઇટઃ** harshsanghavi.in | **ઇમેલઃ** min-home@gujarat.gov.in








વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં ઉપસ્થિત થનાર આપ સૌએ તનતોડ મહેનત કરી હશે. હવે પરીક્ષાખંડમાં પ્રસન્ન મનથી અને સફળતાના ભાવ સાથે આપ પરીક્ષા આપો અને શ્રેષ્ઠ સિદ્ધિ હાંસલ કરો તેવી આપ સૌને શુભેચ્છા પાઠવીએ છીએ.

તાજેતરમાં જ આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પરીક્ષા પે ચર્ચા-૨૦૨૬' માં ખૂબ સુંદર વાત કહી છે. તેમણે આપણને સમજાવ્યું છે કે પરીક્ષા એ જીવનની કસોટી નથી, પણ તૈયારીની કસોટી છે. માનનીય વડાપ્રધાનશ્રીએ આ વર્ષે ખાસ ભાર મૂક્યો છે કે પરીક્ષાને 'યુદ્ધ' નહીં પણ 'ઉત્સવ' માનો. જ્યારે તમે તણાવમુક્ત રહીને પરીક્ષા આપો છો, ત્યારે તમારી ક્ષમતા બમણી થઈ જાય છે.

આપણું ગુજરાત આજે શિક્ષણ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. આદરણીય વડાપ્રધાનશ્રીના વિઝન મુજબની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ (NEP)ના અમલીકરણ માટે આપણું રાજ્ય કટિબદ્ધ છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. નવી શિક્ષણ નીતિ દ્વારા આપણે માત્ર ગોખણીયા જ્ઞાનને બદલે આપની કૌશલ્ય શક્તિ અને આત્મવિશ્વાસને કેન્દ્રમાં રાખ્યો છે, જેથી આપ સૌ આવતીકાલના 'વિકસિત ભારત' ના મજબૂત સ્તંભ બની શકો.

વિદ્યાર્થી મિત્રો, યાદ રાખજો કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. માર્ક્સની ટકાવારી કરતાં આપની મહેનત અને હકારાત્મક અભિગમ વધુ કિંમતી છે. પરિણામ શું આવશે એવા ડર વગર, શાંત મનથી અને પૂરા આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપજો. આપની સાથે આપના માતાપિતાના આશીર્વાદ અને આપના શિક્ષકોનું માર્ગદર્શન છે જ.

જીવનના જે ક્ષેત્રમાં આપ જાઓ ત્યાં પ્રાણવાન, પ્રજ્ઞાવાન અને ગુણવાન બની જીવનને પાવન અને મનભાવન બનાવશો. આપ સૌ રાષ્ટ્રના અણમોલ રત્નો છો. જીવનમાં સુટેવોને કેળવી, શુદ્ધિ અને સત્યતાને જાળવી સફળતાની કેડીને કંડારો એ જ આપની પાસેથી કામના રાખીએ છીએ. આપના જેવા આત્મવિશ્વાસુ વિદ્યાર્થીઓ પર સમગ્ર ગુજરાતને ગર્વ છે.

આ વર્ષ આપના જીવન માટે ખૂબ જ અગત્યનું છે. આ પરીક્ષામાં આપ જ્વલંત સફળતા પામો અને આપના પરિવાર તથા આપણા ગુજરાતનું નામ રોશન કરો એવી અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

**ડૉ. પ્રદ્યુમન વાજા**
મંત્રી,
સામાજિક ન્યાય અને અધિકારિતા, પ્રાથમિક,
માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ,
ગુજરાત

**રિવાબા જાડેજા**
રાજ્યકક્ષા મંત્રી,
પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ,
ગુજરાત

**પ્રફુલ પાનશેરીયા**



ક્રમાંક: મં/આ.પ.ક.ત.શિ./પ્રો./VIP- ૧૧ /૨૦૨૬
**રાજ્યકક્ષાના મંત્રી,**
**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને**
**તબીબી શિક્ષણ (સ્વ.હ.), પ્રોટોકોલ (રા.ક.),**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
તારીખ : 19 FEB 2026

## શુભેચ્છા સંદેશ

પ્રિય વિદ્યાર્થીમિત્રો,

તા. ૨૬/૦૨/૨૦૨૬ થી શરૂ થતી બોર્ડની પરીક્ષાને લઈને આપ સૌ જીવનના એક મહત્વપૂર્ણ પડાવ તરફ આગળ વધી રહ્યા છો. આ સમય માત્ર પરીક્ષા આપવાનો નથી, પરંતુ તમારી મહેનત, આત્મવિશ્વાસ અને સંકલ્પને સાકાર કરવાનો અવસર છે.

ગયા વર્ષોથી તમે જે લગન અને નિયમિતતા સાથે અભ્યાસ કર્યો છે, તે આજે તમારા માટે સૌથી મોટું બળ છે. યાદ રાખો પરીક્ષા માત્ર જ્ઞાનનું મૂલ્યાંકન છે, તમારી ક્ષમતાનું નહીં. શાંતિપૂર્ણ મન, સકારાત્મક વિચાર અને સંયમિત પ્રયત્નથી દરેક પ્રશ્નનો ઉત્તમ રીતે સામનો કરી શકાય છે.

આ પ્રસંગે સંસ્કૃતનો એક પ્રેરણાદાયક શ્લોક યાદ આવે છે.

"उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः॥"

અર્થાત્ માત્ર કલ્પનાઓથી નહીં, પરંતુ પ્રયત્નથી જ કાર્ય સિદ્ધ થાય છે;
સુતેલા સિંહના મુખમાં હરણ પોતે પ્રવેશતું નથી.

આ શ્લોક આપણને સતત પ્રયત્ન અને જાગૃત મહેનતનો સંદેશ આપે છે. તમે જે શ્રમ કર્યો છે, તે નિષ્ફળ જતો નથી યોગ્ય સમયે તે જરૂર ફળ આપશે.

પરીક્ષા દરમિયાન સમયનું યોગ્ય આયોજન કરો, પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચો, સરળ પ્રશ્નોથી શરૂઆત કરો અને સ્વચ્છ, સ્પષ્ટ લખાણ રાખો. વિશ્વાસ રાખો કે તમે તૈયાર છો. શાંતિપૂર્વક અને સ્થિર મનથી આપેલી પરીક્ષા હંમેશા ઉત્તમ પરિણામ આપે છે.

તમારા માતા-પિતા અને શિક્ષકોના આશીર્વાદ સાથે તમે સફળતા તરફ દ્રઢ પગલાં ભરો તેવી હાર્દિક શુભેચ્છાઓ.

ઈશ્વર આપને સ્વસ્થતા, એકાગ્રતા અને શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

તમારા ઉજ્જવળ ભવિષ્ય માટે અનેકઘણી શુભેચ્છાઓ....

(પ્રફુલ પાનશેરીયા)

**કાર્યાલય ફોન :** ૦૭૯-૨૩૨ ૫૦૧૯૩, ૨૩૨ ૫૦૧૯૫, **ફેક્સ :** ૦૭૯-૨૩૨ ૫૦૧૮૯
**Email :** mos-health@gujarat.gov.in

# સુરત મહાનગરપાલિકા

बहुजन हिताय बहुजन सुखाय ।

વહાલા વિદ્યાર્થી મિત્રો,

ધોરણ ૧૦ અને ૧૨ ફેબ્રુઆરી-૨૦૨૬ની પરીક્ષા આપતા સુરત શહેરના સર્વ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો - આપ સૌ ભયમુક્ત અને તણાવમુક્ત થઈને પ્રફુલ્લિત ચિત્તે પરીક્ષા આપો તેવી હૃદયપૂર્વક શુભકામના.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે: **"कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।"**. આ સંદેશ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સીમાચિહ્નરૂપ છે. જેને અનુસરીને દરેક વિદ્યાર્થી પરીક્ષામાં સારું પ્રદર્શન કરી શકે છે. દરેક વિદ્યાર્થી આ કર્મયોગના સિદ્ધાંતને અનુસરીને સારું પરિણામ લાવી શકે છે.

ગીતામાં એક પ્રેક્ટિકલ અને લોજિકલ મેથડ આપી છે, જેના ઉપદેશનું અનુસરણ કરવાથી આપ સૌ નિર્ધારિત લક્ષ્ય સુધી પહોંચો અને જ્વલંત સફળતા મેળવો તેવી આશા છે. આપ સૌ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો પરીક્ષામાં સારા ગુણ સાથે પાસ થઈ આપના પરિવારનું, સુરત શહેરનું, ગુજરાતનું અને સમગ્ર દેશનું નામ રોશન કરો તેવી હાર્દિક શુભેચ્છાઓ.

અસ્તુ. ભારત માતાકી જય ! વંદે માતરમ ! જય જય ગરવી ગુજરાત !

**દક્ષેશ માવાણી**
**મેયરશ્રી**
**સુરત મહાનગરપાલિકા**

## પરિક્ષા ઉત્સવ
## ને
## જીવન ઉત્સવ તરીકે
## ઉજવો

# ટીમ સુરત મહાનગરપાલિકા

### સુરત શહેરના વિદ્યાર્થી મિત્રો, આદરણીય વાલીગણ તથા માનનીય શિક્ષકમિત્રો જોગ સંદેશ

**""Unity in Effort, Brilliance in Achievement!"**

આગામી તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ થી શરૂ થતી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ એ માત્ર શૈક્ષણિક પરીક્ષા નથી, પરંતુ જીવનની પ્રગતિની દિશામાં એક મહત્વપૂર્ણ અને તેજસ્વી સોપાન છે. સુવ્યવસ્થિત શૈક્ષણિક માહોલ આપ બધાને જીવનમાં આગળ વધવા માટે મજબૂત આધાર આપે છે. સુરત મહાનગરપાલિકા હંમેશાં સ્વચ્છ, સુવ્યવસ્થિત અને યુવા-મૈત્રીપૂર્ણ શહેર બનાવવાના અભિગમમાં રહી છે. આ દિશામાં ટીમ સુરત મહાનગરપાલિકા દ્વારા નિ:શંક સેવા આપવામાં આવી રહી છે, જેમાં દરેક નગરવાસી અને ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે સુગમ અને સલામત વાતાવરણ સુનિશ્ચિત કરે છે.

પ્રિય વિદ્યાર્થી મિત્રો,
જ્યારે તમે પરીક્ષા હોલમાં પ્રવેશતા હો ત્યારે ગભરાશો નહીં, પરંતુ દૃઢ આત્મવિશ્વાસ સાથે આગળ વધો. તમારી મહેનત, શિસ્ત અને સમયનું યોગ્ય આયોજન જ તમને સફળતાની દિશામાં વધુ મજબૂત પગલાં ભરવામા મદદરૂપ થશે.

આદરણીય વાલીગણ,
બાળકોને દબાણ નહીં, પરંતુ પ્રેમ, સમર્થન અને પ્રોત્સાહન આપો. બાળકોના આત્મવિશ્વાસને મજબૂત બનાવવું એ આપનું સૌથી મોટું યોગદાન છે.

માનનીય શિક્ષકગણનો હૃદયપૂર્વક આભાર, જેમણે વિદ્યાર્થીઓને જ્ઞાન અને જીવનમૂલ્યો બંને આપ્યા છે.

વહાલા પરીક્ષાર્થી મિત્રો,
નિર્ભય બનો, એકાગ્ર બનો અને વિશ્વાસ સાથે આગળ વધો અને ટીમ સુરત મહાનગરપાલિકા આપના ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

**Wishing you Strength of Purpose, Full Confidence and Success.**

અંતઃકરણપૂર્વક શુભકામનાઓ સાથે,

આપનો સ્નેહાધીન
ટીમ સુરત મહાનગરપાલિકા વતી,

એમ. નાગરાજન, IAS
મ્યુનિસિપલ કમિશનર
સુરત

GOVIND DHOLAKIA
MEMBER OF PARLIAMENT (RAJYA SABHA)

તા. 18-02-26

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

જય ભારત સાથ જણાવવાનું કે, ગુરુવાર, તા. 26 ફેબ્રુઆરી, 2026થી શરૂ થતી ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષા એ આપના જીવનનો મહત્વપૂર્ણ તબક્કો છે. આ પરીક્ષા વિષય જ્ઞાનની કસોટી તો છે જ... સાથે સાથે આપના ચરિત્ર, સંકલ્પ અને આત્મવિશ્વાસની પણ કસોટી છે.

સુરતએ મહેનત, ઉદ્યોગ અને સંસ્કાર માટે વિશ્વભરમાં ઓળખાય છે. સુરતની ધરતી આપણને શીખવે છે કે, સફળતા માત્ર ગુણોથી નહીં... પરંતુ આપણાં મૂલ્યો, પ્રામાણિકતા અને સતત અને સખત મહેનતથી મળે છે. આપસૌ વિદ્યાર્થી મિત્રો એ જ રસ્તે આગળ વધીને સફળતા મેળવો.

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

- જીવનમાં સાચી સફળતા એ છે કે, તમે તમારું બેસ્ટ આપો... શ્રેષ્ઠ પ્રયત્ન કરો...
- પરિણામ જે આવે તે પણ, નિષ્ઠાપૂર્વક કરેલું કાર્ય ક્યારેય વ્યર્થ જતું નથી.
- હિંમત રાખજો... હાર માનશો નહીં...

ભગવદ્ ગીતાનો સંદેશ છે:

"योगः कर्मसु कौशलम्।" (કર્મમાં કુશળતા જ યોગ છે.)

એટલે, પરીક્ષા દરમિયાન... મનને શાંત રાખીશું... સમયનું યોગ્ય મેનેજમેન્ટ કરીશું... આત્મવિશ્વાસથી આગળ વધીશું.

મારા હૃદયની વાત કહું તો,

- પરીક્ષાએ માત્ર એક પરીક્ષા જ છે... આપણાં જીવનનો અંતિમ નિર્ણય નથી... પણ જીવનની શરૂઆત છે.
- આ પરીક્ષા સિવાય જીવનમાં અનેક નવી તકો આપ સૌની રાહ જોઈ રહી છે.

વાલીમિત્રોને પણ મારી વિનંતી છે કે, દરેક બાળક યુનિક અને સ્પેશિયલ છે, તેથી આપણે ક્યારેય આપણાં બાળકની કમ્પેરિઝન અન્ય બાળક સાથે કરવી નહીં... આપણાં બાળકોને ભરપૂર પ્રેમ સાથે પ્રોત્સાહન આપજો. જેથી, તેમનો આત્મવિશ્વાસ વધે... આપણને સૌને ખબર છે કે, સેલ્ફ કોન્ફિડન્સ જ સૌથી મોટી સંપત્તિ છે. આ કોન્ફિડન્સ થકી જ બાળકો નિર્ભય બને છે અને દરેક ક્ષેત્રમાં સફળતા મેળવશે.

પરીક્ષામાં સફળ થવાના પોઝિટીવ ભાવ સાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ...!

ગોવિંદ ધોળકીયાના જય રામજી કી...!

**Gujarat:** V. N. Godhani English School, Greenlines, Surat-395004 | Tel.- 0261-2986440 | govind.dholakia@sansad.nic.in
**Delhi:** AB-77, Shahjahan Road, New Delhi-110011 | Tel.-011-23383493 / 94 | www.govinddholakia.com

**PRABHUBHAI N. VASAVA**
Member of Parliament (Loksabha)
23-BARDOLI (Gujarat)
+91 95740 76555

सत्यमेव जयते

**MEMBER**
- Committee on the Welfare of SCs and STs
- Standing Committee on Petroleum and Natural Gas
- Consultative Committee for the Ministry Of Housing and Urban Affairs

૧૦૧૩/MPBRD/૨૦૨૫-૨૬ તા.૨૧-૦૨-૨૦૨૬

## :: શુભેચ્છા સંદેશ ::

સુરત જિલ્લો, તાપી જિલ્લો તથા સુરત શહેરના વિદ્યાર્થી મિત્રો, સૌ વાલીગણ તથા ગુરુતુલ્ય શિક્ષકમિત્રો.

તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી શરૂ થતી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ આપના જીવનની મહત્વપૂર્ણ કસોટી છે. બારડોલી અને આસપાસના આદિવાસી વિસ્તારોની ધરતી આપણને સંઘર્ષ, શ્રદ્ધા અને અડગ મનોબળનો પાઠ શીખવે છે - અને એ જ પાઠ આજે દરેક વિદ્યાર્થી માટે પ્રેરણારૂપ છે.

ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની સરદાર વલ્લભભાઈ પટેલે બારડોલી સત્યાગ્રહ દ્વારા સમગ્ર રાષ્ટ્રને શીખવ્યું કે સંકલ્પ અને એકતા હોય તો અસંભવ પણ શક્ય બને છે. આજે એ જ સંદેશ વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક છે.

પ્રિય વિદ્યાર્થી મિત્રો, પરીક્ષા સામે ડર નહીં, સંકલ્પ રાખો. તમારી મહેનત પર વિશ્વાસ રાખો. સમયનું આયોજન કરી શાંતિપૂર્વક જવાબ આપો. ભગવદ્ ગીતા કહે છે: **"श्रद्धावान् लभते ज्ञानम्।"** શ્રદ્ધા અને વિશ્વાસ જ જ્ઞાનનું દ્વાર ખોલે છે. આદરણીય વાલીગણ, બાળકોને દબાણ નહીં, દિશા આપશો. તેમના આત્મવિશ્વાસને મજબૂત બનાવશો. વહાલા વિદ્યાર્થી મિત્રો,તમે માત્ર પરીક્ષા આપતા વિદ્યાર્થી નથી- તમે ભારતના ભવિષ્યના નિર્માતા છો.

આપના ઉજ્જવળ ભવિષ્યની સફળતા માટે હાર્દિક શુભકામનાઓ...

**(પ્રભુભાઇ એન.વસાવા)**

**નકલ રવાના : ૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત જિલ્લો.**
**૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તાપી જિલ્લો.**

**GUJARAT** : Sardar Patel Shopping Center, Nr.Mandvi High School, At. Po.MANDVI, District : Surat - 394160(Gujarat)
(OS) : +91 95372 77301 (APS) : +91 95122 09013 (02623) 222108
mpprabhuvasava@gmail.com
www.prabhuvasava.in

**DELHI** : 17, Pandit Ravishakar Shukla Lane, K.G. Marg, New Delhi - 110001
(PS)+91 82878 23899, +91 949910 0117 (011) 23381911
prabhu.vasava23@mpls.sansad.in

**MUKESH DALAL**
Member of Parliament (Lok Sabha)
24, SURAT GUJARAT

सत्यमेव जयते

MEMBER :
- Parliamentary Standing Committee on Health and Family Welfare
- Consultative Committee for the Ministry of Power

# શુભેચ્છા સંદેશ

સુરત જિલ્લાના ધોરણ ૧૦ અને ૧૨ના પ્રિય વિદ્યાર્થીઓને,

તા. ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થતી જાહેર પરીક્ષા તમારા જીવનના મહત્વપૂર્ણ મંગલપ્રસ્થાન સમાન છે. સુરત જિલ્લાના અંદાજે ૧,૬૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ આજે નવા સપનાઓ અને આશાઓ સાથે આ અગત્યની પરીક્ષાની દિશામાં આગળ વધી રહ્યા છે.

પરીક્ષા માત્ર ગુણ મેળવવાની પ્રક્રિયા નથી, પરંતુ તમારા સંકલ્પ, શિસ્ત, મહેનત અને આત્મવિશ્વાસની પરખ છે. છેલ્લા ઘણા મહિનાઓથી કરેલી તમારી તનતોડ મહેનત, માતા-પિતાના આશીર્વાદ અને ગુરુજનોના માર્ગદર્શનનું સુવર્ણ પરિણામ હવે પ્રગટ થવાનો સમય આવી ગયો છે.

આ પાવન ક્ષણે તમે સૌને એક જ સંદેશ

ડર નહીં, વિશ્વાસ રાખો. ઉતાવળ નહીં, એકાગ્રતા રાખો. શંકા નહીં, સકારાત્મકતા રાખો.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥

અર્થઃ તારો અધિકાર માત્ર કર્મ કરવા પર છે; ફળ પર નહીં. કર્મના ફળનો અહંકાર રાખશો નહીં અને કર્મ ન કરવા તરફ પણ ઝુકશો નહીં.

પ્રિય વિદ્યાર્થીઓ,

શાંતિપૂર્ણ મન, સકારાત્મક વિચાર અને સમયનું યોગ્ય આયોજન — આ ત્રણ વાતો તમારી સફળતાની ચાવી છે. દરેક પ્રશ્નનો જવાબ આત્મવિશ્વાસથી આપો. યાદ રાખો, સફળતા તે જને મળે છે જે પોતાના પર વિશ્વાસ રાખે છે.

તમારી અંદર અસીમ શક્તિ વસે છે.

તમારા સપનાઓને પાંખો આપો, મહેનતને દિશા આપો અને વિશ્વાસને સાથી બનાવો.

સુરત જિલ્લો તમારા તેજસ્વી ભવિષ્ય માટે પ્રાર્થના કરે છે.

તમારા ઉત્તમ પરિણામ અને ઉજ્જ્વળ કારકિર્દી માટે હાર્દિક શુભેચ્છાઓ।

"સફળતા ભાગ્યથી નહીં, પરંતુ સંકલ્પ અને પરિશ્રમથી મળે છે."

આપનો,

(મુકેશ દલાલ)

MUKESH DALAL ★ Member of Parliament Surat (Lok Sabha) ★ सत्यमेव जयते

**Delhi Office :** 12-A, Firozshah Road, New Delhi-110001
Mobile : +91-97243 45111, 63533 67633, Office :261-2992498
**Surat Office** : 84, Maher Nagar, Adajan, Surat-395009
E-mail : ID - mitulpatomp24surat@ gmail.com, mcdalal,mp@sansad.nic.in

**પૂર્ણેશ મોદી**
**ઉપાધ્યક્ષ**

ક્ર.ગુ.વિ.સ/
ગુજરાત વિધાનસભા
વિઠ્ઠલભાઈ પટેલ ભવન, સેક્ટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
તા. : ૧૮/૦૨/૨૦૨૬

# શુભેચ્છા સંદેશ

**વહાલા વિદ્યાર્થી મિત્રો, આદરણીય વાલીગણ તથા માનનીય શિક્ષકગણ,**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી શરૂ થવા જઈ રહી છે. આ પરીક્ષાઓ માત્ર શૈક્ષણિક કસોટી નથી, પરંતુ શિસ્ત, સમયપાલન અને જવાબદારીના મૂલ્યોને પરખતી એક મહત્વપૂર્ણ પ્રક્રિયા છે.

ગુજરાત વિધાનસભામાં કાર્ય કરતી વખતે આપણે લોકશાહીના એક મૂળભૂત સિદ્ધાંતને સતત અનુભવીએ છીએ–

**"જવાબદારી સાથેનો સંકલ્પ જ સફળતા આપે છે."**

**વિદ્યાર્થી મિત્રો,**

આ પરીક્ષા આપના જીવનની સુંદર શરૂઆત છે—
જ્યાં આપશ્રીને વિચારો પ્રગટ કરવાની સંપૂર્ણ તક છે,
અને આપશ્રીનું પરિણામ આપની નિષ્ઠાનું પ્રતિબિંબ છે.
ભારતના મહાન નેતા સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું હતું:
**"મજબૂત ઈરાદા ધરાવતા લોકો માટે કોઈપણ મુશ્કેલી મોટી નથી."**

આ શબ્દો આજે આપશ્રી માટે માર્ગદર્શક છે.
પ્રશ્નપત્ર ભલે મુશ્કેલ લાગે, પરંતુ આપનું મન મજબૂત રહેશે તો સફળતા નિશ્ચિત છે.

**પરીક્ષા દરમિયાન ધ્યાનમાં રાખશો:**

* સમયનું સુચિત આયોજન
* ઉતાવળ ટાળવી
* સ્પષ્ટ અને સ્વચ્છ લખાણ
* અંત સુધી એકાગ્રતા

સફળતા માત્ર ગુણપત્રકમાં નથી;
સફળતા તે છે કે તમે આપના પ્રયત્નો માટે ગર્વ અનુભવો.

**આદરણીય વાલીગણ,**

બાળકોને પરિણામથી વધુ પ્રયત્ન માટે પ્રોત્સાહિત કરો.
તેમના મનોબળને મજબૂત બનાવો — કારણ કે આત્મવિશ્વાસ જ જીવનની સાચી સંપત્તિ છે.
માનનીય શિક્ષકશ્રીઓનો આભાર, જેમણે વિદ્યાર્થીઓમાં જ્ઞાન સાથે મૂલ્યો પણ સંસ્કારિત કર્યા છે.

**વહાલા વિદ્યાર્થી મિત્રો,**

તમે રાજ્ય અને રાષ્ટ્રના ભવિષ્યના કર્તા છો.
શિસ્ત, નિષ્ઠા અને સંકલ્પ સાથે પરીક્ષા આપો.
આપશ્રીની ઉજ્જવળ સફળતા માટે હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવે છે.
**અંતઃકરણપૂર્વક શુભકામનાઓ સાથે,**

પૂર્ણેશ મોદી
**(પૂર્ણેશ મોદી)**
ઉપાધ્યક્ષ,
ગુજરાત વિધાનસભા

**ડૉ. સૌરભ પારધી** આઈ.એ.એસ.
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

**કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**
પાંચમો માળ, 'બી' બ્લોક, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત - ૩૯૫ ૦૦૧ (ગુજરાત)
(ઓ) ૦૨૬૧-૨૬૫૨૫૨૫, ૨૬૫૫૧૫૧,
ફેક્સ : ૦૨૬૧-૨૬૫૫૭૫૭
E-mail : collector-sur@gujarat.gov.in
Web : https://surat.gujarat.gov.in
Twitter : collectorsurat

## -:: શુભેચ્છા સંદેશ ::-

English Slogan: "Prepared Minds Create Powerful Futures."

વહાલા સુરત જિલ્લાના વિદ્યાર્થી મિત્રો, આદરણીય વાલીગણ તથા માનનીય શિક્ષકમિત્રો,

તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી શરૂ થતી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ આપના જીવનના અગત્યના મુકામમાંની એક છે. જિલ્લા વહીવટી તંત્ર તરફથી હું આપ સૌને વિશ્વાસ અપાવું છું કે પરીક્ષાઓ સંપૂર્ણ પારદર્શિતા, શાંતિ અને સુવ્યવસ્થિત આયોજન સાથે યોજાય તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે.

સુરત જિલ્લો શિક્ષણ, ઉદ્યોગ અને પ્રગતિ માટે રાજ્યમાં આગવું સ્થાન ધરાવે છે. આ વિકાસયાત્રાનો મુખ્ય આધાર શિક્ષણ છે અને તમે દરેક વિદ્યાર્થી આ યાત્રાના સહયાત્રી છો.

પ્રિય વિદ્યાર્થી મિત્રો, પરીક્ષા પહેલાં ગભરાશો નહીં.
તમારી તૈયારી પર વિશ્વાસ રાખો.
સમયનું યોગ્ય આયોજન અને એકાગ્રતા જ સફળતાની ચાવી છે.

યાદ રાખજો —
"Success comes to those who are prepared."

જિલ્લા તંત્ર દ્વારા:
✔ પરીક્ષા કેન્દ્રોની વ્યવસ્થા
✔ ટ્રાફિક નિયંત્રણ
✔ આરોગ્ય સહાયતા
✔ જરૂરી સુવિધાઓ
સુનિશ્ચિત કરવામાં આવી છે.

આદરણીય વાલીગણ, બાળકોને દબાણ નહીં, પરંતુ પ્રોત્સાહન આપશો.

તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ સફળતા માટે હાર્દિક શુભકામનાઓ.

અંતઃકરણપૂર્વક,

ડૉ. સૌરભ પારધી, IAS
જિલ્લા કલેક્ટરશ્રી – સુરત
ગુજરાત સરકાર

सत्यमेव जयते


**અનુપમ સિંહ ગહલૌત IPS**
પોલીસ કમિશ્નર

ક્રમાંક : પોક્ષ/પરીક્ષા સંદેશ/૨૯/૨૦૨૬
પોલીસ કમિશ્નર કચેરી,
સુરત શહેર, અઠવાલાઈન્સ, સુરત - ૩૯૫૦૦૧.
ટે.નં.(૦૨૬૧) ૨૨૪૪૪૪૦ ફેકસ : ૨૨૪૧૩૦૪


તા. ૧૦/૦૨/૨૦૨૬

**વહાલા વિદ્યાર્થી મિત્રો,**

**બોર્ડ પરીક્ષાઓ દરમિયાન સુરત શહેરમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ છે. પરીક્ષા કેન્દ્રો આસપાસ કડક સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ અને પેટ્રોલિંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.**

**પ્રિય વિદ્યાર્થીઓ,**

**પરીક્ષા હોલ સુધી સમયસર પહોંચો.ટ્રાફિક નિયમોનું પાલન કરો અને મનને શાંત રાખીને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપો.**

**યાદ રાખજો — "Courage is not absence of fear, it is confidence despite fear."**

**વાલીગણને અપીલ,**

**બાળકોને સમયસર પહોંચાડવા સહકાર આપશો.**

**સુરત શહેર પોલીસ પરિવાર આપની સફળતા માટે શુભેચ્છા પાઠવે છે.**

**આપનો,**

**શ્રી અનુપમસિંહ ગેહલોત, IPS**

**શિવાની ગોયલ અગ્રવાલ**
આઈ.એ.એસ.
જિલ્લા વિકાસ અધિકારી, સુરત.

સત્યમેવ જયતે

જિલ્લા પંચાયત ભવન, સુરત.
ડુમસ-વેસુ રોડ, પીપલોદ-૩૯૫૦૦૭
ફોનઃ ૦૨૬૧-૨૪૨૨૧૬૦
e-mail : ddo-sur@gujarat.gov.in.

## -:: શુભેચ્છા સંદેશ ::-

English Thought: "Confidence and Commitment Lead to Success."

વહાલા સુરત જિલ્લાના વિદ્યાર્થી મિત્રો, આદરણીય વાલીગણ તથા માનનીય શિક્ષકમિત્રો,

તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી શરૂ થતી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ આપના જીવનના મહત્વપૂર્ણ પડાવનું પ્રતિનિધિત્વ કરે છે. આ સમય આપના પરિશ્રમ, સંકલ્પ અને આત્મવિશ્વાસની કસોટી છે.

પ્રિય વિદ્યાર્થી મિત્રો,
પરીક્ષા સામે ગભરાશો નહીં.
તમારી તૈયારી પર વિશ્વાસ રાખો.
સમયનું યોગ્ય આયોજન અને શાંત મન જ સફળતાની સાચી ચાવી છે.

યાદ રાખજો —
સફળતા માત્ર ગુણોમાં નથી;
સફળતા એ છે કે તમે તમારા શ્રેષ્ઠ પ્રયત્ન કરો.

આદરણીય વાલીગણ,
આ દિવસોમાં બાળકોને પ્રેમ, સહકાર અને સકારાત્મકતા આપશો.
તેમનો આત્મવિશ્વાસ જ તેમની સૌથી મોટી શક્તિ છે.

વહાલા વિદ્યાર્થી મિત્રો,
નિર્ભય બની આગળ વધો.
તમારી મહેનત અને દૃઢ સંકલ્પ તમને ચોક્કસ સફળતા તરફ લઈ જશે.

Stay Focused. Stay Positive. Believe in Yourself.

અંતઃકરણપૂર્વક શુભકામનાઓ સાથે,

શ્રી શિવાની ગોયલ, IAS
જિલ્લા વિકાસ અધિકારી
સુરત

Scanned with OKEN Scanner

# પોલીસ અધિક્ષક સુરત ગ્રામ્ય, સુરતની કચેરી

પોલીસ પરેડ ગ્રાઉન્ડની સામે, અઠવાલાઇન્સ સુરત

ફો.નં– ૦૨૬૧–૨૬૫૧૮૩૧

ફેક્સ.નં–૦૨૬૧–૨૬૫૧૮૩૪

Email :pa-sp-sur@gujarat.gov.in


## -: શુભેચ્છા સંદેશ :-

વહાલા ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થી મિત્રો,

સુરત ગ્રામ્ય વિસ્તારમાં પરીક્ષા કેન્દ્રો પર શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. કોઈપણ પ્રકારની ગેરરીતિ, ગભરાટ કે અનિયમિતતા ન થાય તે માટે કડક નજર રાખવામાં આવશે.

આત્મવિશ્વાસ રાખો.,સમયસર પહોંચો. શાંતિપૂર્વક પ્રશ્નપત્રનો સામનો કરો.

યાદ રાખજો —
**"Focus on your goal, not on your fear."**

આદરણીય વાલીગણ,
બાળકોને સુરક્ષિત રીતે કેન્દ્ર સુધી પહોંચાડવા સહયોગ આપશો.

સુરત ગ્રામ્ય પોલીસ વિભાગ આપની ઉજ્જવળ સફળતા માટે શુભેચ્છા પાઠવે છે.

(રાજેશ ગઢિયા)
પોલીસ અધિક્ષક
સુરત ગ્રામ્ય, સુરત

**ઓફીસ**
૧૦, રવિરાજ એપાર્ટમેન્ટ, બેન્ક ઓફ
બરોડાની ઉપર, નવયુગ કોલેજની
બાજુમાં, અડાજણ, સુરત-૩૯૫૦૦૯

**મુકેશ પટેલ**
૧૫૫ – ઓલપાડ વિધાનસભા મત વિસ્તાર
તથા
પૂર્વ રા.ક.મંત્રી, ગુજરાત રાજ્ય

જા.ન. ૮/૧૧/૨૦૨૬
તા. 190226

પ્રતિ,

વ્હાલા સુરત જિલ્લાના વિદ્યાર્થી મિત્રો,
આદરણીય વાલીગણ તથા શિક્ષકગણ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત ધોરણ – ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાઓ તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ થી શરૂ થવા જઈ રહી છે. આ અવસર માત્ર શૈક્ષણિક પ્રક્રિયા નથી, પરંતુ યુવા પેઢીના ભવિષ્યના ઘડતરની એક મહત્વપૂર્ણ ક્ષણ છે.

સુરત જિલ્લો પરિશ્રમ, પ્રગતિ અને પ્રતિભાનું પ્રતિક છે. અહીંના વિદ્યાર્થીઓએ હંમેશા રાજયસ્તરે શ્રેષ્ઠ પરિણામો આપી જિલ્લાના નામને ગૌરવ અપાવ્યું છે. આ વર્ષે પણ હજારો વિદ્યાર્થી મિત્રો પોતાના સપનાઓને સાકાર કરવા માટે પરીક્ષામાં ભાગ લઈ રહયા છે. જે આપણા જિલ્લામાં શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

<u>પ્રિય વિદ્યાર્થી મિત્રો :</u>

જીવનમાં સફળતા એક દિવસમાં મળતી નથી. તે સતત પ્રયત્ન, સંકલ્પ અને આત્મવિશ્વાસથી પ્રાપ્ત થાય છે.

શ્રીમદ ભગવદ ગીતા આપણને માર્ગદર્શન આપે છે. *कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचना* અર્થાત, તમારો અધિકાર માત્ર કર્મ પર છે, પરિણામ પર નહી. આ શ્લોક જીવનનું સત્ય છે. તમે પરિણામની ચિંતા છોડીને શ્રેષ્ઠ પ્રયત્ન કરશો, તો સફળતા આપમેળે આવશે.

<u>પરીક્ષા દરમ્યાન :</u>

મનને શાંત રાખશો, સમયનું યોગ્ય આયોજન કરશો, પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચશો અને સ્વસ્થતા અને પૂરતી ઊંઘનું ધ્યાન રાખશો

યાદ રાખજો, ગુણ મહત્વના છે, પરંતુ ગુણ કરતા વધુ મહત્વપૂર્ણ છે આપનું મનોબળ અને આપની પ્રામાણિકતા.

<u>આદરણીય વાલીગણ :</u>

આ દિવસોમાં બાળકોને પ્રેમ, સમજણ અને પ્રોત્સાહનની જરૂર છે. ગુણોના દબાણ કરતાં આત્મવિશ્વાસ વધુ મુલ્યવાન છે. બાળકનું મન મજબુત રહેશે તો તે કોઈપણ પડકાર જીતશે.

શિક્ષકગણનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરુ છું. જેમણે વર્ષભર માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને આ પડાવ સુધી પહોંચાડયા છે.

વ્હાલા વિદ્યાર્થીમિત્રો, નિર્ભય બનો, એકાગ્ર બનો અને વિશ્વાસ સાથે આગળ વધો. સુરત જિલ્લો આપની સફળતાની રાહ જોઈ રહયો છે.

અંત : કરણપૂર્વક શુભેચ્છાઓ સાથે......

(મુકેશ પટેલ)

सत्यमेव जयते
गुजरात विधानसभा

# VINOD MORADIYA

**M.L.A.,166-KATARGAM (SURAT) GUJARAT**

જા.નં.૨૦૨૫-૨૬/શુભેચ્છા/૫૪૮ તારીખ.૧૮/૦૨/૨૦૨૬

વહાલા સુરત જિલ્લાના વિદ્યાર્થી મિત્રો,
આદરણીય વાલીગણ તથા માનનીય શિક્ષકગણ,

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ જીવનની સફરમાં એક મહત્વપૂર્ણ મંજિલ સમાન છે. તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી શરૂ થતી આ પરીક્ષાઓ માત્ર પુસ્તકોમાં શીખેલા પાઠોની ચકાસણી નથી; તે આપના મનોબળ, ધૈર્ય અને સ્વવિશ્વાસની કસોટી છે.

જીવનમાં અનેક વખત આપણે વિચારીએ છીએ — "શું હું સક્ષમ છું?"
અને તેનો જવાબ હંમેશા એક જ હોય છે — "હા, જો તમે પોતાના પર વિશ્વાસ રાખો તો."

પ્રિય વિદ્યાર્થી મિત્રો,
પરીક્ષા એ સ્પર્ધા નથી — તે આત્મમૂલ્યાંકન છે.
પ્રશ્નપત્ર સામે બેસો ત્યારે ગભરાશો નહીં.
એક ઊંડો શ્વાસ લો અને મનને સ્થિર કરો.

આદરણીય વાલીગણ,
આ દિવસોમાં બાળકોને આપનો સાથ અને સહકાર સૌથી વધુ જરૂરી છે. તેમને સમજશો, પ્રોત્સાહિત કરશો અને વિશ્વાસ આપશો. પરિણામથી વધુ મહત્વપૂર્ણ છે બાળકનું મનોબળ અને આત્મસન્માન.

માનનીય શિક્ષકમિત્રોનો આભાર, જેમણે વિદ્યાર્થીઓમાં જ્ઞાન સાથે સંસ્કાર અને મૂલ્યોનું વાવેતર કર્યું છે.

વહાલા વિદ્યાર્થી મિત્રો,
તમે તમારા પરિવારનું, સમાજનું અને સમગ્ર સુરત જિલ્લાનું ભવિષ્ય છો.
નિર્ભય બની આગળ વધો.
તમારી મહેનત અને તમારું સત્યનિષ્ઠ પ્રયત્ન ચોક્કસ સફળતા અપાવશે.

અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ સાથે,

આપનો..

MEMBER LEGISLATIVE ASSEMBLY * GUJARAT *

(વિનોદ મોરડિયા)

Office: 108, Kankawati Complex, Above Bank of Baroda, Singanpore Road, Katargam, Surat - 395 004. Gujarat - INDIA
Telefax: 0261-2511655 E-mail : vinod.moradiya10@gmail.com

**Sandip Desai**
M.L.A. (Gujarat State)
168 - Choryasi Assembly Constituency
Office: 105, White House, VIP Road,
Vesu, Surat, Gujarat - 395007
E mail : sandipdesai.bjp@gmail.com

सत्यमेव जयते

**સંદીપ દેસાઈ**
ધારાસભ્ય (ગુજરાત રાજ્ય)
૧૬૮ - ચોર્યાસી વિધાનસભા
કાર્યાલય : ૧૦૫, વ્હાઈટ હાઉસ, વી.આઈ.પી. રોડ,
વેસુ, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૭
સંપર્ક : ૦૨૬૧ - ૩૬૩૩૩૯૮

તા.-૨૧/૦૨/૨૦૨૬

## -::- શુભેચ્છા સંદેશ -::-



**પ્રતિ,**
**સુરત જિલ્લાના વાલ્હા પરીક્ષાર્થીઓ,**
**આદરણીય વાલીગણ તથા**
**અવિરત શિક્ષણ ગંગા વહેવડાવનાર શિક્ષકગણ,**

**નમસ્કાર,**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ - ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૨૬મી ફેબ્રુઆરીથી શરુ થઈ રહી છે. આ પરીક્ષા ભાવી નક્કી કરવાના પ્રથમ સોપાન તરીકે તેમજ યુવા જીવનના સ્વપ્નોને સાકાર કરનારી સાબિત થતી હોય છે. પરીક્ષાર્થી દ્વારા વર્ષ દરમિયાન કરેલ પરિશ્રમનું પ્રતિબિંબ ગુણ સ્વરૂપે પરિણામમાં જોવા મળે છે. પરીક્ષામાં સફળ થવા માટે હંમેશા એક ધ્યેય અને લક્ષ્ય હોવું અનિવાર્ય છે. આ માટે પરીક્ષાર્થીઓને કહીશ કે "નિશાન ચૂક માફ, પણ નહીં માફ નીચું નિશાન". "વિદ્યા વિના સુંદરતા અને યુવાની વ્યર્થ છે; જ્ઞાન એ જ સાચી સંપત્તિ છે" આ વાતને આત્મસાત્ કરી ગેરસમજ, ડર કે ગભરાયા વિના સમયનું યોગ્ય આયોજન, ભણ્યા તેનું પુનરાવર્તન, શાંતિ અને એકાગ્રતા થી વાંચન, સ્પષ્ટ લેખન દ્વારા શ્રેષ્ઠતમ પરિમાણ લાવવું જોઈએ. આપણા સૌના માર્ગદર્શક, પ્રેરણામૂર્તિ ડૉ.એ. પી. જે. અબ્દુલ કલામ સાહેબ કહેતા કે જો તમે તમારા કાર્યમાં સફળ થવા માંગતા હોવ, તો તમારે તમારા ધ્યેય પ્રત્યે એકાગ્ર નિષ્ઠા રાખવી પડશે.

વાલી મિત્રોએ પણ પોતાના બાળકને પ્રોત્સાહન અને માનસિક શાંતિ પ્રદાન કરી વિશ્વાસ અને હૂંફ આપવાની જરૂર છે જેથી બાળક નીડર થઈ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકે! સુરત જિલ્લો ગુજરાતમાં સૌથી વધુ બોર્ડના પરીક્ષાર્થીઓ ધરાવતો જિલ્લો હોય તેવું ધ્યાને આવેલ છે જે દર વર્ષની માફક પરિણામમાં પણ સમગ્ર ગુજરાતમાં અવ્વલ હરોળમાં આવે તેવી શુભકામનાઓ અને શુભેચ્છાઓ પાઠવું છું. સમગ્ર પરીક્ષા વ્યવસ્થા માટે અથાગ પરિશ્રમ કરતા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ તેમની કચેરીના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ, વિવિધ શૈક્ષણિક સંસ્થાના વ્યવસ્થાપકશ્રીઓ, શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રોને પણ શુભકામનાઓ અને શુભેચ્છાઓ પાઠવું છું.

શુભેચ્છા સહ,

**સંદીપ દેસાઈ,**
ધારાસભ્ય,
ચોર્યાસી વિધાનસભા, સુરત

Kishor Kanani (Kumar)
MLA, 161, Varachha Road
(Surat) Gujarat.
Tel: 0261 - 2578279
email : kumarbhaikkanani@gmail.com

विधानसभा
सत्यमेव जयते
गुजरात

કિશોર કાનાણી (કુમાર)
ધારાસભ્ય, ૧૬૧-વરાછા રોડ, (સુરત) ગુજરાત

તા. ૧૯/૦૨/૨૦૨૬

Ref./GR/B/03/2026

# :: શુભેચ્છા સંદેશ ::

સુરત જિલ્લાના વ્હાલા વિદ્યાર્થી મિત્રો, અને આદરણીય વાલીગણ તથા માનનીય શિક્ષકમિત્રો

તારીખ : ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ થી શરૂ થતી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાઓએ માત્ર એક શૈક્ષણિક પ્રક્રિયા નથી, પરંતુ યુવા જીવનમાં સંકલ્પ, સમયપાલન અને સ્પર્ધાત્મકતા વચ્ચે સંતુલન સાધવાની મહત્વપૂર્ણ તક છે. આજનો યુગ સ્પર્ધાનો છે. પરંતુ યાદ રાખજો સાચી સ્પર્ધા અન્ય સાથે નથી, પોતાની જાત સાથે છે. દરેક દિવસ તમે ગઈકાલ કરતાં થોડું વધુ સારું કરો એ જ સાચી પ્રગતિ છે. બોર્ડની પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ શુભકામનાઓ. તમે સફળ થશો, તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

સમયનું સંચાલન જ સફળતાની ચાવી છે. જે વિદ્યાર્થી સમયને ઓળખે છે. સમય તેને ઓળખ આપે છે. તમારી અંદર અસીમ શક્તિ છે. તમારી મહેનત, તમારો સમય અને તમારો સંકલ્પ જ તમને સફળતા સુધી પહોંચાડશે.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબે કહ્યું હતું :

"Excellence happens not by accident. It is a process."

સફળતા કોઈ અચાનક ઘટના નથી ; તે સતત પ્રયત્નોનું પરિણામ છે.

આદરણીય વાલીગણ,

